# શિક્ષકમાં ભારોભાર નિષ્ઠા હોવી જોઇએ

અનુભવના આધારે ચોક્કસ પણે એવા તારણ પર આવી શકાય કે, નિષ્ઠા હશે તો નિયમનું પાલન આપો આપ થશે, પણ નિયમનું પાલન થશે તો નિષ્ઠા આવશે જ તેવું ચોક્કસપણે કહી શકાય નહીં. માટે તો નિયમ કરતાં નિષ્ઠાને વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. નિષ્ઠા વ્યક્તિના વિચાર અને વર્તન બંનેમાં પરિવર્તન લાવી શકે છે, જ્યારે નિયમ માત્ર વર્તનમાં જ પરિવર્તન લાવે છે. માટે તો વર્ગખંડના વાતાવરણ માટે તેમજ સર્વગ્રાહી શિક્ષણ માટે શિક્ષક પાસે નિષ્ઠાની અપેક્ષા રાખવામાં આવે છે.

વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ હશે તો નહીં ચાલે, તે બંને વચ્ચે સંવેગાત્મક સંબંધની ખૂબ જ માત્રામાં જરૂરિયાત છે. જો જ્ઞાનાત્મક સંબંધથી જ શિક્ષણકાર્ય પૂર્ણ થતું હોય તો શાળા કોલેજોની આવશ્યકતા નથી જ. તે કામ દૂરવર્તી સાધનો દ્વારા પણ થઇ શકે. ઘરમાં મા-બાપના લાડ અને ધમકી વચ્ચે પણ દવા ન પીતું બાળક શિક્ષકના એક જ વાક્યે કે ઇશારે ઘેર આવીને પહેલું કામ દવા પીવાનું કરે છે. તે જ બતાવે છે કે શાળા કક્ષાએ અભ્યાસ કરતાં બાળક માટે શિક્ષક સૌથી ઉચ્ચ સ્થાને છે. તેવી જ રીતે કોલેજમાં અભ્યાસ કરતા કોલેજીયન માટે કયા વ્યવસાય કે ધંધા સાથે સંકળાવવું કે સામાજિક પ્રવૃત્તિઓમાં જોડવા માટે અધ્યાપકનું એક સૂચન પણ કાફી છે. તેવા સંજોગોમાં શિક્ષક કે અધ્યાપક એમ કહે કે મારી ફરજ માત્ર શાળા કે કોલેજ સમય પૂરતી જ છે, તો તે ભારતીય વિચારધારાને અનુરૂપ નથી જ. માટે તો નિયમ કરી શકાય કે, કોઇ પણ શિક્ષક શિક્ષણ સિવાયનો વ્યવસાય કરી શકશે નહીં. પણ આ બાબત નિયમ કરવાથી સિદ્ધ થવાની નથી જ. આ માટે શિક્ષકને જો પોતાના વ્યવસાય અને વિદ્યાર્થીઓ માટે નિષ્ઠા હશે તો તે પોતે એવાંજ કામોમાં રચ્યો પચ્યો રહેશે કે જે વિદ્યાર્થી અને શિક્ષણના હિતમાં હશે.

નિયમ એવો છે કે શાળામાં સમયસર પહોંચવું. શિક્ષક ઘેરથી નિકળશે છે. રસ્તામાં સાયકલ પર જતાં બાળકને કોઇ મુશ્કેલી ઊભી થાય છે. શિક્ષક મદદ કરે છે. શિક્ષકનું શાળામાં જવાનું મોડું થવું. આ સંજોગોમાં આચાર્ય શિક્ષકને કહે કે તે બાળકને આવવું હોય તો આવે, તે બાળકની રસ્તાપરની ફરજ આપણી નથી તેના માબાપની છે. તમારે સમયસર શાળામાં આવવું જ જોઇએ. અહીં નિયમ અને નિષ્ઠા વચ્ચે ટકારવ થાય છે. કોને મહત્ત્વ આપીશું? વિજ્ઞાનનો એક શિક્ષક આકાશદર્શનનો પાઠ ભણાવે છે. તે એમ માને છે કે આકાશદર્શન તો રાત્રે જ કરાવી શકાય, પણ રાત્રે શાળાઓ બંધ હોય છે. રાત્રે વિદ્યાર્થીઓને શાળાએ બોલાવી શકાય નહીં,તેની ફરજ તો અગિયારથી પાંચના સમય પૂરતી જ છે. બીજો એક શિક્ષક રાત્રે શાળામાં કે કોઇ ચોક્કસ જગ્યાએ વિદ્યાર્થીઓને એકત્ર કરીને વાલીઓને પણ આકાશદર્શન કરાવે છે. આ બંને ઘટનામાં કોનો સ્વીકાર કરી શકાય?

શાળા કોલેજમાં શૈક્ષણિક વાતાવરણ સર્જવા સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું અત્યંત મહત્ત્વ છે. જો માત્ર પાઠયપુસ્તક જેટલું જ ભણાવવું હોય તો આ ચાર દીવાલોવાળી શાળાકોલેજો ઊભી કરવાના અને શિક્ષકો પાછળના આર્થિક ખર્ચાઓ કરવાની કોઇ જરૂર નથી. પુસ્તકોનો આધાર લઈને તેને માર્ગદર્શક માનીને શિક્ષકે શિક્ષણના ઘણાં હેતુઓ સિદ્ધ કરવાના છે. આ માટે માત્ર પાઠયપુસ્તક અને નિયમો કારગત ન જ નીવડે. તે માટે જરૂર છે શિક્ષકોમાં પૂરતી નિષ્ઠાની. ખૂબ જ નબળા વિદ્યાર્થીઓને શીખવવા વધુ સમય

આપવા માટે આચાર્ય નિયમ નહીં બનાવી શકે અને બનાવશે તો શિક્ષકો તેનું પાલન નથી જ કરવાના. આ માટે જો શિક્ષકોમાં નિષ્ઠા હશે કે મારે મારા વિદ્યાર્થીઓ માટે પૂરતી લગનથી પૂરતા પ્રયત્ન કરવા જ જોઈએ તો તે શિક્ષક શાળા શરૂ થયાં પહેલાં કે છૂટયાબાદ પણ પોતાની સેવા આપશે. નિયમથી તમે ઓફીસ જેવું વાતાવરણ ઊભું કરી શકશો, કુટુંબ જેવું નહીં જ. શિક્ષણએ માત્ર દિમાગની જ પ્રવૃત્તિ નથી, તે દિલની પણ પ્રવૃત્તિ છે. શિક્ષણમાં જો દિલને પણ જોતરવું હોય તો નિયમ કારગત નહીં નીવડે, તે માટે સૌ માનસંશાધનમાં નિષ્ઠા ઊભી કરવી જ પડશે. શિક્ષકે પણ બાળકના માત્ર દિમાગ સુધી નથી પહોંચવાનું, તેના દીલને પણ ઝંઝોળવાનું છે. આ માટે નિયમો નેવે મૂકવા પડે તો મૂકીને પણ નિષ્ઠાનું પોટલું ઉપાડી શકાય. પાઠયપુસ્તકને જ શીખવવું તે નિયમ બનાવીને ચાલતો શિક્ષક જ્ઞાન આપી શકશે પણ મૂલ્યો નહીં આપી શકે. સમાજમાં રહીને જીવન જીવવા માટે માત્ર જ્ઞાન ઉપયોગી નથી, મૂલ્યોની વધુ આવશ્યકતા છે. માત્ર જ્ઞાન ધરાવતા શિક્ષકો એટલે હરતું ફરતું પુસ્તક. જે નિર્જીવ પુસ્તક કરતાં કોઈપણ રીતે ચઢિયાતું નથી જ. તો આવા હરતાં ફરતાં પુસ્તક માટે સરકાર કે સમાજે ખર્ચા કરવાની શી જરૂર છે? માટે તો શિક્ષક પાસેથી દિમાગ કરતાં દિલ અને નિયમ કરતાં નિષ્ઠાની અપેક્ષા વધુ છે. સૌ જ્ઞાની શિક્ષકો વર્ગખંડમાં નિચોવાઈ જશે, તેમની તમામ પ્રવૃત્તિઓ શિક્ષણના હિતમાં જ હશે, તેમની પાસે રહેલું જ્ઞાન તે બાળકોના દિલ-દિમાગમાં ઘૂસાડશે તેવું માનવાની સહેજ પણ જરૂર નથી. તે જો આળસું અને નિયમો મુજબ જ કામ કરનાર હશે તો તેના જ્ઞાનમાં વધારો થશે, પણ તેનો ફાયદો વિદ્યાર્થીઓને થશે જ તેમ કહેવું અતિશ્યોકિતભર્યું ગણાશે. આ શિક્ષક જણાવશે કે ભાઈ, હું તો વર્ગમાં મારી પાસે રહેલા જ્ઞાનને પીરસું છું, પણ વિદ્યાર્થીઓ ન ઝીલે તો હું શું કરું? બીજીબાજુ નિષ્ઠાથી ભરેલા શિક્ષક પાસે જ્ઞાન ઓછું હશે તો પણ તે વિદ્યાર્થીઓને પીરસવા જેટલું જ્ઞાન તો ગમે તે ભોગે પણ મેળવી જ લેશે. તેને એમ છે કે મારે મારા વિદ્યાર્થીઓને આટલું તો આપવું જ છે. જેથી તે જ્ઞાન તો મેળવશે જ પણ તેને વિદ્યાર્થી સુધી પહોંચાડવા તમામ પ્રયુકિત અને પદ્ધતિ પૂરી નિષ્ઠાથી-દિલથી અપનાવશે. આ કામ જ્યાં સુધી પૂરું નહીં થાય ત્યાં સુધી તેનું મન સતત તે કાર્ય પૂર્ણ કરવા અંગે જ રોકાયેલું રહેશે. જ્યારે માત્ર જ્ઞાન ધરાવતો શિક્ષક પોતાનો તાસપૂર્ણ થયાનો સંતોષ માનીને બેસી રહેશે.

આમ શિક્ષક માટે જ્ઞાન અને નિયમ કરતાં નિષ્ઠા ખૂબ જ અગત્યની છે. જો નિષ્ઠા હશે તો બીજું બધું આપોઆપ ખેંચાઈ આવશે. જેનું પરિણામ સૌ માટે રુડું જ હશે અને શિક્ષણ દ્વારા આપણે સૌએ એ જ કરવાનું છે ને!

**Email : dr.ashokpatel@in.com**